# સીઝીંગ કેરીયર એન્ડ ઓર્પોરચ્યુનીટીઝ ઈન એગ્રીકલ્ચરલ ડોમેન–વર્કશોપ

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ કોલેજ, ચી.પ.કૃષિ મહાવિદ્યાલય અને કાઉન્સેલીગ એન્ડ પ્લેસમેન્ટ સેલ ધ્વારા તા. ૦૪–૦૫/૦૬/૨૦૧૮ ના રોજ "સીઝીંગ કેરીયર એન્ડ ઓર્પોરચ્યુનીટીઝ ઈન એગ્રીકલ્ચરલ ડોમેન–વર્કશોપ" વિષય પર બે દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપ નું ઉદ્‌ઘાટન માન. કુલપતિ પ્રો. (ર્ડા.) અશોક પટેલ, સંશોધન નિયામકશ્રી, ર્ડા. એ. એમ. પટેલ, કુલસચિવશ્રી, ર્ડા. આર. એમ. ચૌહાણ, ર્ડા. એમ. આર. પ્રજાપતિ, આચાર્યશ્રી (એગ્રીકલ્ચર કોલેજ), ર્ડા.વી.આર.પટેલ (નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ)એ કરેલ અને વિદ્યાર્થીઓ ના ઉજવળ કારકિંદી માટે પોતાના ધ્યેય મુજબ આયોજન બધ્ધ આગળ વધવાની શીખ આપેલ.

આ વર્કશોપમાં ર્ડા. પી.પી.ઝવેરી, એમ.ડી., બાયોજીન પ્રા.લી. એ સીડ ઈન્ડસ્ટ્રી માં બાયો ટેકનોલોજીના લીધે આવેલ સારા અને નરસા પરિણામો વિશે માહિતી આપેલ અને વિશ્વમાં ઈન્ડીયન સીડ ઈન્ડસ્ટ્રીઝના પ્રદાન અને તેમાં રહેલ રોજગારીની તકો વિશે આંકડાકીય માહિતી આપેલ હતી. શ્રી રાજેન્દ્ર અખાણી, અત્રેની કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થી અને બાયરના સાઉથ કન્ટ્રી માર્કટીગ હેડે જંતુનાશક દવાના ઉદ્યોગમાં રહેલ વિશાળ તકો વિશે જણાવ્યુ હતું અને પર્યાવરણની જાળવણી કરે તેવી જ દવાઓ વાપરવાની સલાહ ખેડુતોને આપવા અને તે રીતે પર્યાવરણ અને જમીનનું જતન કરવા જણાવ્યું.

શ્રી જયેશ પટેલ, ડેપ્યુટીમેનેજર, નેટાફિમે જણાવ્યુ હતુ કે આગામી સમયમાં ઉદભવતી પાણીની તંગીને ધ્યાનમાં રાખી ખેડુતોને ડ્રીપ/સ્પ્રીકલર અપનાવવા સમજાવવા પડશે અને ડ્રીપ/સ્પ્રીકલર ની વિવિધ કંપનીઓમાં રોજગારીની વિશાળ અને વિપુલ તકોની માહિતી આપી હતી. શ્રી મેહુલ ઠકકર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીએ વિદ્યાર્થીઓને તેમની ઉજવળ કારકીર્દી બનાવવા માટે શું શું ધ્યાન રાખવુ જોઈએ તે સમજાવ્યુ હતું તેમાં વ્યકિતત્વ વિકાસ, બોડી લેગ્વેજ, રીઝયુમ બનાવવુ, ઈન્ટવ્યુ વખતે શું ધ્યાનમાં રાખવુ વગેરે બાબતે વિસ્તૃત સમજણ આપેલ.

શ્રી બ્રિજેશ પટેલ, સ્પીપા ગાંધીનગર જણાવ્યુ કે સ્પીપા શું છે અને તે વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી અને જી.પી.એસ.સી પરિક્ષામાં કઈ રીતે મદદરૂપ થાય છે તેની જાણકારી આપેલ. શ્રી યુવરાજે એગ્રી કેરીયરનો ભારતમાં કૃષિ અને તેને સંલગ્ન વિવિધ ક્ષેત્રે સમ્રગ ભારતમાં રહેલ સંભાવનાઓ અને તે પ્રમાણે રહેલ તકો વિશે માહિતગાર કર્યા હતા અને તે પ્રમાણે વિદ્યાર્થીઓએ તૈયાર થવુ પડશે

આ રીતે બીજ, ખાતર, પેસ્ટીસાઈડસ, સિંચાઈ, ઈન્ટરવ્યુ ટેકનીકસ તથા કૃષિ અને સંલગ્ન અભ્યાસ થકી દેશ અને વિદેશમાં રહેલ વિવિધ ઉધોગ સાહસિકતા ની તકો, વ્યકિતત્વ વિકાસ જેવા વિષયો ઉપર વિદ્યાર્થીઓને જ્ઞાન અને માહિતી પુરી પાડવામાં આવી. આ વર્કશોપનો લાભ વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટી સ્ટાફ સહિત કુલ ૩૯૫ લોકોએ લીધો હતો, જેમા ચી.પ. કૃષિ મહાવિદ્યાલયના (૨૬૦), બાગાયત મહાવિદ્યાલય (૩૫), વેટરનરી સાયન્સ કોલેજ (૨૬), કોલેજ ઓફ એગ્રી બીઝનેશ મેનેજમેન્ટ (૦૮), કોલેજ બેઝીક સાયન્સ અને હયુમાનીટી(૧૧), ડેરી સાયન્સ કોલેજ (૦૫) અને આસ્પી કોલેજ ઓફ હોમ સાયન્સ (૦૪) ના વિદ્યાર્થીઓ હતા. આ વર્કશોપને સફળ બનાવવામાં ર્ડા. એસ.પી. પંડયા, શ્રી યશ પઢિયાર, શ્રી દિનેશ ડી. ચૌધરી અને શ્રી રાકેશ પટેલનો યોગદાન પ્રસંશનીય છે.






Workshop on
Seizing the Career and Opportunities in Agricultural Domain
4th - 5th June 2018
Jointly organised by
College of Agribusiness Management
C.P. College of Agriculture
&
Counseling and Placement Cell, SDAU
Venue: Prof. V. R. Mehta, Auditorium Hall, SDAU, Sardarkrushinagar